# ભાવનગર મહાનગરપાલિકા
## એસ્ટેટ વિભાગ
## રી-ટેન્ડર નોટીસ(બીજો પ્રયત્ન)

ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ અને આર્ટ ગેલેરી સરદારનગર સંકુલની નીચે મુજબની જાળવણી અંગે મેન-પાવર સપ્લાય કરવાના કામ માટે જરૂરી લાયકાત તથા અનુભવ ધરાવતી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

1) સાઉન્ડ ઓપરેટર તથા હેલ્પર સાથેની સેવાઓ,

૨) ઈલેક્ટ્રીક્સ સેવાઓ.

આ કામ માટે https://nprocure.com વેબસાઈટ ઉપર તા.૦૫/૧૨/૨૦૨૪ થી તા.૧૯/૧૨/૨૦૨૪ સુધી ઓનલાઈન ટેન્ડર ભાવો ભરવા માટે ઉપલબ્ધ થશે. વધુ વિગતો માટે મહાનગરપાલિકાની www.bmcgujarat.Com વેબસાઈટ ઉપરથી મળી શકશે. તેમજ ઓનલાઇન પ્રાઈસબીડની સાથે મોકલવાના થતા ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ્સ તા.૨૪/૧૨/૨૦૨૪, ૧૭.૦૦ કલાક સુધીમાં એસ્ટેટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકાને રજી.એડી.પોસ્ટથી પહોચતા કરવાના રહેશે.

એસ્ટેટ ઓફિસર
એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

# ભાવનગર મહાનગરપાલિકા
## રી-ટેન્ડર નોટીસ

ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ અને આર્ટ ગેલેરી સરદારનગર સંકુલની સાઉન્ડ ઓપરેટીંગની સેવાઓ તથા ઈલેક્ટ્રીક્સ સેવાઓ પૂરી પાડવાનું કામ. આ કામ અંગેની વિગતો અને માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | કામનું નામ | ટેન્ડર ફી રૂ. | અર્નેસ્ટમની ડીપોઝીટ રકમરૂ. |
|---|---|---|---|
| ૧ | શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ અને આર્ટ ગેલેરી સરદારનગર સંકુલની સાઉન્ડ ઓપરેટીંગની સેવાઓ તથા ઈલેક્ટ્રીક્સ સેવાઓ પૂરી પાડવાનું કામ. | ૯૦૦/- | ૨૩૦૦૦/- |

- ટેન્ડર ફોર્મ ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.bmcgujarat.com→Online પર તા.૦૫/૧૨/૨૦૨૪ થી તા.૧૯/૧૨/૨૦૨૪ સુધીમાં ફરજિયાત અરજી કરી ડાઉનલોડ કરી મેળવી શકાશે.
- બીડરએ પ્રાઇસ બીડમાં ઓનલાઈન ભાવો આપવાના રહેશે. આ કામ માટે https://bmc.nprocure.com વેબસાઈટ ઉપર તા.૦૫/૧૨/૨૦૨૪ થી તા.૧૯/૧૨/૨૦૨૪ સુધી ઓનલાઈન ટેન્ડર ભાવો ભરવા માટે ઉપલબ્ધ થશે.
- એજન્સીએ ઓનલાઈન ભાવો આપવાના રહેશે.
- ટેન્ડર ડોક્યુમેન્ટ્સ ટેન્ડર ફી, ઈ.એમ.ડી,સોલ્વન્સી સર્ટીફીકેટ, ઈન્કમટેક્ષ કલીયરન્સ સર્ટિ વિગેરે ડોક્યુમેન્ટ રજી.એડી.થી એસ્ટેટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા, ગેલેક્ષી સિનેમા સામે મંગલસિંહજી રોડ, ભાવનગર ખાતે તા.૨૪/૧૨/ ૨૦૨૪ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.
- કોઈ પણ પ્રકારનું શરતી ટેન્ડર માન્ય રહેશે નહી,અને આપોઆપ રદ બાતલ ગણાશે.
- કોઈ પણ ટેન્ડર મંજુર કરવું કે ન કરવું તેનો આખરી નિર્ણય કરવાની સત્તા કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગરને અબાધિત રહેશે.

એસ્ટેટ ઓફિસર
એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

## એસ્ટેટ વિભાગ

## BMC/ESTATE/05/2024

**શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ અને આર્ટ ગેલેરી સરદારનગર સંકુલની સાઉન્ડ ઓપરેટીંગની સેવાઓ તથા ઈલેક્ટ્રીક્સ સેવાઓ પૂરી પાડવાનું કામ.**

**(૩ વર્ષની મુદ્દત)**

**ટેન્ડરની શરતો**

(1) ટેન્ડર ફોર્મ ફી રૂ.900/- (પરત નહિ ચુકવવા પાત્ર) નો ડિમાન્ડ ડ્રાફ્ટ કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાનાં નામનો અન્ય આધારો સાથે રજુ કરવાનો રહેશે.

(2) ટેન્ડર ઈ.એમ.ડી રૂ.23000/- કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકાનાં નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવાનો રહેશે. આ સિવાય ટેન્ડરરે (વ્યક્તિ/એજન્સી/સંસ્થા/પેઢી) લાગુ પડતા કંપનીનું ડીડ/ભાગીદારી ડીડ, GST નંબર અંગેનાં પ્રમાણિત આધારો રજુ કરવાના રહેશે.

(3) ભાવો માન્ય રાખવા અંગેના અબાધિત હક્ક કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે.

(4) ટેન્ડરરે રજુ કરવાના થતા આધારો સીલબંધ કવરમાં તા.24/12/2024,17.00 કલાક સુધીમાં રજીસ્ટર એ.ડી.થી એસ્ટેટ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકાને પહોંચતા કરવાના રહેશે. મુદત બાદ આવેલ સીલબંધ કવર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(5) દરેક ટેન્ડરરે, ટેન્ડર સાથે કંપનીનું ડીડ (જો લાગુ પડતું હોય તો), ભાગીદારોના નામ સાથેનું રજુ કરવાનું રહેશે. તેમજ GST નંબર પણ જણાવવાનો રહેશે. તેમજ છેલ્લું ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ,પાનકાર્ડ, સોલ્વન્સી સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. એજન્સીએ ટેન્ડરમાં બીજી કોઈ શરતો મુકવાની નથી. શરતી ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(6) ટેન્ડર ફોર્મમાં પુરેપુરી વિગતો સ્પષ્ટ જણાવવી. અધુરી વિગતો હશે તો તે ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

(7) સીલબંધ કવર પર "સરદારનગર સંકુલની સાઉન્ડ ઓપરેટીંગની સેવાઓ તથા ઈલેક્ટ્રીક્સ સેવાઓ માટેના કામનું ટેન્ડર" તેમ સ્પષ્ટ લખવાનું રહેશે. તેમજ ટેન્ડર નોટીસ નં. દર્શાવવાનો રહેશે.

(8) ટેન્ડર મંજુર થયાની લેખિત ખબર મળ્યાની તારીખથી આઠ(૮) દિવસમાં નીચે જણાવેલ મુદ્દા નં.-૯ મુજબની રકમ મહાનગરપાલિકામાં પરવાનો રાખનારે ભરવાની રહેશે.

(9) અ) આ કામ અંગે મંજુર રકમના 5% "સિક્યોરિટી ડીપોઝીટ" તરીકે રાખવામાં આવશે, અને પરવાનાની શરતોનું પાલન થયું હશે તો તે પરવાનાની મુદત પૂરી થયે ડીપોઝીટ પાછી આપવામાં આવશે.

બ) પરવાનો લેનાર પરવાનાની શરતોનું પાલન કરવામાં કસુર કરશે,તો કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને "અ" માં દર્શાવેલ સિક્યોરિટી ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો અધિકાર રહેશે.

ક) ટેન્ડર મંજુર થયેથી "અ" મુજબ ની રકમ કોન્ટ્રાક્ટ લેનાર(પરવાનો રાખનારે) દિન-આઠ(૮) માં ભરશે નહિ તો અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવાનો કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાનો હક્ક રહેશે. આ ટેન્ડર મંજુર થયેથી સિક્યોરિટી ડીપોઝીટની રકમ તથા અન્ય ટેક્ષ ભર્યેથી પ્રથમ ૧(એક)વર્ષ માટે કોન્ટ્રકટ આપવામાં આવશે ત્યારબાદ વર્ષ પૂર્ણ થયેથી એસ્ટેટ ઓફિસરશ્રીનું સારીકામગીરી બાબતનું NOC મેળવવાનું રહેશે. ત્યારબાદ જ પછીના વર્ષ માટેની કામગીરી કરવાની રહેશે. કોન્ટ્રકટનો ૩ વર્ષની મુદત માટે પરવાનો આપવામાં આવશે.

(10) ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાક્ટની શરતો મુજબ એગ્રીમેન્ટ કરી આપવાનું રહેશે. તે અંગે થનાર તમામ ખર્ચ કોન્ટ્રાક્ટ રાખનારની શિરે રહેશે.

(11) કોઈ પણ જાતના કારણ દર્શાવ્યા વગર કોઈપણ કે તમામ ટેન્ડર રદ કરવાની સત્તા નો કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાનો અબાધિત અધિકાર રહેશે.

(12) આ કામ માટે લેબર દીઠ આઠ કલાકના ભાવ મુજબના ભાવો ઓનલાઈન આપવાના રહેશે.

(13) આ પ્રકારના કામનો અનુભવના આધારોના પ્રમાણપત્રની નકલ તેમજ સરકારી સંસ્થાઓમાં કામ કરેલ હોય તો તેની વિગતોની નકલ રજુ કરવાની રહે છે.

(14) સંસ્થાનો/પેઢીનો ઈ.પી.એફ. રજીસ્ટ્રેશન નં. તથા ઈ.એસ.આઈ. નોંધણીના પ્રમાણ પત્રની નકલ, લેબર લાઈસન્સ વિગેરે તેમજ છેલ્લા ત્રણ ઈ.પી.એફ. રીટર્નની નકલ જોડવાની રહેશે.

(15) એલ-૧ ટેન્ડરર માન્ય રહેલ બીડવાળા ટેન્ડરરોએ રજુ થયેલ ભાવપત્રક(કોમર્શીયલ બીડ) ને આધારે નક્કી કરવામાં આવશે. જરૂર જણાયે તો ટેન્ડરને જાણ કરી એલ-૧ ટેન્ડરરની સાથે ભાવ ઘટાડાની વાટાઘાટ કરવામાં આવશે અને આવી વાટાઘાટ દરમ્યાન દરખાસ્ત થયેલ ભાવો તમામ ટેન્ડરરને બંધનકર્તા રહેશે.

(16) કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકાને જરૂર પડે ત્યારે ફોર્મે સાથે રજુ કરેલ છે તે સિવાયના અન્ય કોઈ દસ્તાવેજો માંગવામાં આવે તો માંગ્યા તારીખ થી દિન-૫ માં રજુ કરવાના રહેશે. જેમાં નિષ્ફળ જનાર ટેન્ડરરનું ટેન્ડર રદ કરવાનો કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને અધિકાર રહેશે.

(17) શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ સંકુલને કોઈ પણ પ્રકારનું નુકસાન થાય તો કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબની નુકસાનીની રકમ ભરપાઈ કરવાની રહેશે, અને રકમ ભરપાઈમાં એક માસ કરતા વધુ  વિલંબ થાય તો, ૧૮% વ્યાજ સાથે નુકસાનીનાં ખર્ચની રકમ ભરવાની રહેશે. અન્યથા તે રકમ સિક્યુરીટી  ડીપોઝીટમાંથી વસુલ લઈ શકાશે.

(18) ભાવનગર મહાનગરપાલિકાનાં અધિકૃત અધિકારી કોઈ પણ સમયે ચકાસણી કરી શકશે.

(19) કોન્ટ્રાક્ટનાં સમયગાળા દરમિયાન કોઈપણ પ્રકારના અકસ્માતનાં પ્રસંગે ભાવનગર મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

(20) સંકુલની અંદર કોઈપણ જાતના પ્રતિબંધિત વસ્તુઓના ઉપયોગ પર તથા અઘટિત બનાવો પર નિયંત્રણ રાખવાનું રહેશે, અને તે અંગે જરૂરી પગલા/કાર્યવાહી કોન્ટ્રાક્ટરશ્રીએ કરવાની રહેશે. ભાવનગર મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહિ.

(21) કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયેથી શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ અને આર્ટ ગેલેરી સરદારનગર સંકુલ ભાવનગર મહાનગરપાલિકાનાં અધિકૃત અધિકારીને યોગ્ય સ્થિતિની ખાતરી કરાવીને પરત સોંપવાનો રહેશે, અને તે અંગે જો કોઈ ફેરફાર હોય તો અધિકૃત અધિકારી દ્વારા સૂચવવામાં આવે તે મુજબ કમિશનરશ્રી ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નિર્ણય થાય તે મુજબ અમલ કરવાનો રહેશે.

(22) કોઈપણ પ્રકારના વાદ-વિવાદ લવાદ અર્થઘટન પ્રસંગે કમિશ્નરશ્રી ભાવનગર મહાનગરપાલિકા નો નિર્ણય આખરી અને કોન્ટ્રાક્ટરશ્રીને બંધનકર્તા રહેશે.

(23) સરકારશ્રીના ધારાધોરણ મુજબ રોજમદારના દૈનિક રોજ મુજબ વેતન ચૂકવવાનું રહેશે.

(24) કોન્ટ્રાક્ટરે ઓડીટોરીયમ અને આર્ટગેલેરી કમ મ્યુઝીયમના મેન્ટેનન્સ માટે રાખેલ દરેક સ્ટાફને ચૂકવવામાં આવેલ પગાર પહોંચની નકલ અત્રે રજુ કરવાની રહેશે.

(25) સપ્લાય કરવામાં આવેલ લેબર પૈકી કોઈ લેબરને એજન્સી દ્વારા છુટા કરવામાં આવે અને તેમના દ્વારા કોઈ પણ કોર્ટમાં પુનઃસ્થાપિત કરવા દાવો દાખલ કરવામાં આવે તો તે અંગેની તમામ જવાબદારી આપની એજન્સીની રહેશે. ભાવનગર મહાનગરપાલિકાની રહેશે નહિ.

(26) સપ્લાય કરવામાં આવેલ લેબર પૈકી તેમની શિફ્ટમાં કોઈ ગેરહાજર હોવાનું માલુમ પડશે, તો નિયમ મુજબ ચુકવવાની થતી કુલ રકમ માંથી ગેરહાજરીના દિવસની રકમ કપાત કરવામાં આવશે.

(27) કોન્ટ્રાક્ટ સમય દરમિયાન સ્થળ ઉપર લેબર મુકવામાં આવેલ હોય,તે સ્થળ ઉપરની ભાવનગર મહાનગરપાલિકાની માલિકીની કોઈપણ માલ મિલકતને નુકશાન કે ગુમ ન થાય તથા કોઈપણ જાનહાની ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. ભાવનગર મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહિ.

(28) કચેરીના જવાબદાર અધિકારીને જો નિશ્ચિત ધોરણ અનુસારની સેવા પ્રાપ્ત થતી ન લાગી તો જે તે દિવસની સપ્રમાણ ચુકવણી દરના ૨% ની કપાત પ્રથમ તબક્કે કરવાની રહેશે. તે માટે એજન્સી જાણ કરાશે. જો સેવા ખામી વિશેષ દેખાય તો ૨% લેખે કપાત વધારતા જવાની રહેશે.

(29) જરૂર પડે આકસ્મિક કાર્ય/સેવા માટે વધુ સમય,જાહેર રજાઓમાં અને કચેરી સમય સિવાય / કે વધુ માણસો પુરા પાડવા એજન્સીની જવાબદારી રહેશે.

(30) એજન્સી દ્વારા કામકાજ દરમ્યાન અવાજનું સ્તર લઘુતમ રહે તે જોવાનું રહેશે.

(31) લઘુતમ વ્યક્તિઓની ગેરહાજરીમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવા તથા કાર્ય સોંપણી, તેમજ સેવકો ઉપર દેખરેખ વિગેરે કાર્ય માટે એજન્સી દ્વારા એક અધિકૃત પ્રતિનિધિ નીમવાનો રહેશે. જેણે સેવકોને લગતી સઘળી વ્યવસ્થા એજન્સી વતી કરવાની રહેશે. પ્રતિનિધીનું નામ,સરનામું અને કોન્ટેક્ટ નંબર આપવાના રહેશે.

(32) સેવકો પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશ અને તે માટે સક્ષમ સતા/કચેરી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહી, કરાર અન્વયે સુવિધા,સેવા પૂરી પાડવા મુકેલા સેવકને સબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર વેતન ચુકવવાની જવાબદારી સંપૂર્ણપણે એજન્સીની રહેશે.

(33) એજન્સીએ લેબર કોન્ટ્રાક્ટ અને પી.એફ્.નાં નિયમોનો અમલ કરવા સાથે દર માસની ૧ થી ૧૦ તારીખ સુધીમાં સેવકોને વેતન ચૂકવવાનું રહેશે તથા વેતન ચૂકવ્યાના આધારો (સેવકની બેંક પાસબુકની ઝેરોક્ષ) અને પી.એફ્.સ્લીપ સાથેનું બીલ રજુ કર્યા બાદ જ બીલ ચુકવણીની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(34) કચેરી અને એજન્સીના સેવકો વચ્ચે નોકરી અને તેને આનુષંગિક કોઈપણ બાબત જેવી કે માલિક અને નોકરનો સબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહી એજન્સીના માણસો દ્વારા તેઓની સેવા બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય, તેમાં કચેરીને કોઈપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહી.

(35) એજન્સીએ મુકેલી વ્યક્તિઓના ગ્રુપ/પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વીમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

(36) એજન્સીની વ્યક્તિઓ દ્વારા તેમની અણઆવડત,બેદરકારી કે હેતુપૂર્વક કે અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મિલકત કે વાયરો,પાઈપ લાઈનો સહીત કોઈપણ સાધન સામગ્રી કે સેવાને,સરકારી રેકર્ડ કે અધિકારી/કર્મચારીઓની વસ્તુને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે થયેલ નુકસાન કે સરકારને ભોગવવાનું થતું તમામ નુકસાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલી છે. કચેરીને કોઈ સામગ્રી-મટીરીયલ એજન્સી કે તેના માણસો પરવાનગી સિવાય ખસેડી શકાશે નહી.

(37) કામગીરી અંગેનું બીલ જે તે મહિના પછીની ૪- તારીખ સુધીમાં એજન્સીએ રજુ કરવાનું રહેશે. બીલ સાથે સબંધિત કચેરી તરફથી આપવામાં આવેલ સુવિધા સંતોષ તથા લઘુતમ સંખ્યાની હાજરી અંગેની વિગતો અને પ્રમાણપત્રો રજુ કરવાની જવાબદારી એજન્સીની રહેશે. ઈજારાદાર દ્વારા રજુ કરવામાં આવેલ તમામ બિલોની ચુકવણીઓ એકાઉન્ટ પે ચેકથી કરવામાં આવશે. કમિશ્નરશ્રીને બીલની ચુકવણી અટકાવી શકવાનો કે ઈજારાની કોઈપણ શરતના ભંગ બદલ ઈજારાદાર પાસેથી દંડની રકમ વસુલ કરવાનો હકક અબાધિત રહેશે. બીલની રકમની ચુકવણી સમયે નિયમોનુસાર આવકવેરા-સરચાર્જની કપાત કરવામાં આવશે. સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણ મુજબનાં ભરવાના તથા વેરા જી.એસ.ટી.સર્વિસ ટેક્ષ તથા અન્ય તમામ કર/ઉપકર ભરવાની જવાબદારી જે તે ઈજારાદરની રહેશે બીલની રકમની અત્રેથી ચુકવણી થયેથી ભરવાના થતા જી.એસ.ટી.,સર્વિસ ટેક્ષ તથા અન્ય કર/ઉપકર રકમ ઈજાદારે ભરીને રકમ ભર્યા અંગેના આધાર પુરાવા સબંધિત કચેરીને દિવસ ૧૦ (દસ)માં રજુ કરવાના રહેશે.

(38) જો એજન્સી આઉટ સોર્સ સુવિધા વ્યવસ્થાપન સેવા સંતુષ્ટ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સિક્યોરીટી ડીપોઝીટ રકમ જપ્ત કરવામાં આવશે અને તેની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે, જે માટે સુવિધા વ્યવસ્થાપન આટોપી લેવા એક માસની લેખિત નોટીસ આપવામાં આવશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ,નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલીઓ માટે જવાબદાર રહેશે નહી.

(39) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય, તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સતા/કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકાશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

(40) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેણે ૩(ત્રણ) માસની નોટીસ આપવી પડશે. તે પરિસ્થિતિમાં તેની સિક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. પુરા પાડેલા સેવકો અવાર નવાર બદલવામાં ન આવે તે જોવાનું રહેશે.

(41) એજન્સીના માલિકનાં મૃત્યુનાં કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક્ક/દાવો રહેશે નહી.

(42) તમામ સેવકોને (પ્રતિનિધિ સહીત) નિયત ગણવેશ, ગ્લોઝ, બુટ કેપ પુરા પાડવાની જવાબદારી એજન્સીની રહેશે. સેવકોની વિશેષ ઓળખ માટે તેઓના ખભા પર વિશિષ્ટ ઓળખવાળો બેઈજ લગાવવાનો રહેશે. સેવકનું નામ દર્શાવતી પ્લેટ તેના શર્ટના ખિસ્સા પર લગાવવાની રહેશે.

અમો/હું.....................................................................................................નીચે સહી કરનાર.........................................................................................ઠેકાણું..........................................................

ઉપર જણાવેલ શરતો પુરેપુરી વાંચી સમજી અને તે પ્રમાણે વર્તવાની ખાત્રી આપીએ છીએ. આ ટેન્ડર મંજુર થયેથી આપવામાં આવનાર પરવાનો વર્ષ ૩ વર્ષની મુદત માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા અમારા ભરેલ ભાવ મંજુર થયેથી તે મુજબની પ્રતિ વર્ષની રકમ તથા ઘરવેરા સિવાયના લાગુ પડતા ભાવનગર મહાનગરપાલિકાના નિયમ મુજબના તમામ ચાર્જ-અન્ય વેરા ભરી આપવા બંધાઉં છુ.

તા..............................

કોન્ટ્રાક્ટર/એજન્સીનું નામ :-.........................................................................................

સરનામું :-.........................................................................................

.........................................................................................

માલિક નું નામ :-.........................................................................................

ફોન નંબર/ મો.નંબર :-.........................................................................................

...........................................................

ટેન્ડર ભરનારની સહી

# ભાવનગર મહાનગરપાલિકા

એસ્ટેટ વિભાગ

## પૂર્વે લાયકાત ટેન્ડર ફોર્મ (ટેકનીકલ બીડ)

ટેન્ડર સાથે રજુ કર્વાની વિગતો:-

(૧) એજન્સીનું નામ તથા સરનામું :-

(૨) વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર :-

(૩) માલિક/ ભાગીદારોના નામ સરનામા ફોટા :-
(કુલમુખત્યાર)

(૪) ટેલીફોન નંબર એજન્સી/માલિક/ ભાગીદારો :-
ફેક્સ નંબર ઈ-મેઈલ આઈ.ડી.

(૫) વ્યવસાયમાં જોડાયાનું વર્ષ તથા વ્યવ્સાયવેરો:-
ભર્યાની ચાલુ વર્ષની પહોંચ

(૬) જી.એસ.ટી રજીસ્ટ્રેશન નંબર:-

(૭) (૧) (અ) પ્રોવિડન્ડ ફંડ :-
(બ) ઈ.એસ.આઈ નંબર :-
(ક) લેબર લાઈસન્સ :-
(૨) છેલ્લા ત્રણ વર્ષના ઈ.પી.એફ. ના ચલણોની રકમ
(અ) વર્ષ ૨૦૨૧-૨૨
(બ) વર્ષ ૨૦૨૨-૨૩
(ક) વર્ષ ૨૦૨૩-૨૪

(૮) હાલ અથવા અગાઉ જે કંપની/ સંસ્થાની કામગીરી કરતા
હોય તેની વિગતો સરકાર/અર્ધસરકારી/જાહેરસાહસ/બેન્ક/
હોસ્પિટલ/સહકારી સંસ્થા/ ઔધૌગિક કંપની/ હોટલ ઈત્યાદિ
(સંસ્થાનું સંતોષપત્ર સામેલ કરવું)

(૯) આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર :-

(૧૦) માન્ય બેંક સોલ્વેસી સર્ટી :-

(૧૧) એજન્સી પાસે તાલીમબધ્ધ સ્ટાફ છે? સફાઈ યંત્રો છે?
ક્યા ક્યા ? જેની વિગત જો હોય તો સંખ્યા :-

(૧૨) પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે? નાણાકિય સંસ્થાના
ડિફોલ્ડર નથી/ પોલીસ કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનું બાહેધરી પત્રક આપવું.

(૧૩) છેલ્લા ત્રણ વર્ષના FINANCIAL TURNOVER આધારોની વિગત :-

(૧૪) છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નનાં આધારોની વિગત :-

(૧૫) બે વર્ષનો આ પ્રકારના કામનો અનુભવના આધારોની વિગત:-

નોંધ :- ઉક્ત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/સક્ષમ સતાના પ્રમાણપત્ર અચુક રજુ કરવા જે
વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહી.

## (૧) શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ સંકુલની સાઉન્ડ ઓપરેટીંગનું કામ.
## સ્કોપ ઓફ વર્ક

૧) સાઉન્ડ ઓપરેટીંગ સેવાઓ આપનાર સેવકોએ સાઉન્ડને લગત શૈક્ષણિક લાયકાત તથા સાઉન્ડ ઓપરેટીંગના કામનો તેમજ ડીઝીટલ/એનાલોગ મિક્ષ્ચર ઓપરેટીંગનાં ત્રણ વર્ષના અનુભવનું પ્રમાણ પત્ર રજુ કરવાનું રહેશે.

૨) સાઉન્ડના દરેક ઇકવીપમેન્ટ તથા સાઉન્ડ પેનલની જાળવણી,દેખરેખ, અને સફાઈ સમયાંતરે સાઉન્ડ ઓપરેટરોએ કરવાની રહેશે.

૩) કાર્યક્રમોની શરૂઆતના ૨ કલાક અગાઉ થી અંત સુધી સાઉન્ડ સેવાઓ આપતા સેવકોએ હાજર રહેવું ફરજીયાત રહેશે. તથા કાર્યક્રમો દરમ્યાન સંકુલ માંથી આપવામાં આવેલ ઇકવીપમેન્ટ ફરજ પરના અધિકારીને બતાવીને વ્યવસ્થિત જમા કરાવ્યા બાદ જ જવાનું રહેશે.

૪) જુદા-જુદા સાઉન્ડના દરેક ઇકવીપમેન્ટ અને સાઉન્ડ સીસ્ટમને કોઈપણ જાતનું નુકશાન ઓપરેટરો દ્વારા થશે તો તેની જવાબદારી એજન્સીની રહેશે. તેમજ થયેલ નુકશાન એજન્સીએ ભરપાઈ કરી આપવાનું રહેશે.

૫) કોઈપણ સંજોગોમાં વર્તમાન સાઉન્ડ ઓપરેટર ફરજનું સ્થળ છોડે તો, તેમની જગ્યાએ એજન્સીએ તાત્કાલિક ધોરણે અનુભવી સાઉન્ડ ઓપરેટરની વ્યવસ્થા કરવાની રહેશે.

૬) કાર્યક્રમ ના હોય તેવા સમય દરમ્યાન સાઉન્ડ ઓપરેટીંગના કામ સિવાયના અન્ય તેવા કામ પણ ફરજ પરના અધિકારી સૂચવે તે મુજબ કરવાના રહેશે.

૭) સાઉન્ડ ઓપરેટીંગ સેવાઓ આપનાર સેવકોએ ઓડીટોરીયમ સંકુલ ખાતે સવારે ૧૦.૦૦ થી ૦૬.૦૦ હાજર રહેવાનું રહેશે તથા કાર્યક્રમો દરમ્યાન હાજર રહેવાનું રહેશે તથા ફરજ પરના અધિકારી સૂચવે તે મુજબ આવવા-જવાનું રહેશે.

૮) સાઉન્ડ ઓપરેટીંગની સેવાઓ આપનાર સેવકની સાથેના હેલ્પર સાઉન્ડ ઓપરેટીંગ બાબતોને લગત જાણકારી ધરાવતા હોવા જોઈએ તથા સાઉન્ડ ઓપરેટરની સુચના મુજબ તેમજ ફરજ પરના અધિકારી સૂચવે તે મુજબ હેલ્પરે કાર્ય કરવાનું રહેશે.

**(૨) શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ સંકુલની ઈલેક્ટ્રિક સેવાઓની ઓપરેટીંગ અને જાળવણી માટે ઈલેક્ટ્રીસયન કમ મીકેનીકનું કામ.**

**સ્કોપ ઓફ વર્ક**

૧) ઈલેક્ટ્રિક સેવાઓ આપનાર સેવક ૨૪૦ વોલ્ટ થી ૧૧,૦૦૦ વોલ્ટ ના ઓપરેટીંગ તથા મેન્ટેનન્સનો અનુભવ હોવો જોઈએ.

૨) ૧૧,૦૦૦ વોલ્ટ હાઈએક્સ્ટેન્શનની સર્કીટ બાંધવાનો તથા ટ્રાન્સફોર્મર ઓપરેટીંગના અનુભવનું ત્રણ વર્ષનું સર્ટિફિકેટ ધરાવતા હોવા જોઈએ.

૩) ફાયરપેનલ, સીસી-ટીવી કેમેરા, ઈન્વટર, ડીઝીટલ ટાઈમર, ઓટોમેશન(ડીમર પેનલ- સ્ટેજ લાઈટ-ગીયર મોટર) વિગેરેની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ.

૪) જનરેટર ઓપરેટીંગ તથા જનરલ મેન્ટેનન્સ (ઓઈલ લેવલ,ડીઝલ લેવલ,ટેમ્પરેચર, કુલન્ટ વોટર,બેટરીનું ડીસ્ટીલ્ડ વોટર વિગેરે ચેક કરવા.) ની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ.

૫) કાર્યક્રમો દરમ્યાન પરિસરમાં લાઈટ ફોલ્ટ આવે ત્યારે ૧૫ મિનીટ ની સમય-મર્યાદામાં ફોલ્ટ દુર કરી ને ચાલુ કરવાનું રહેશે.

૬) રૂફટોપ હેવી એ.સી. યુનિટ તથા વી.આર.વી. એ.સી.યુનિટના ઓપરેટીંગ તથા સામાન્ય મેન્ટેનન્સ ની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ. તથા એ.સી.યુનિટમાં સામાન્ય ફોલ્ટ જેમકે (કનેક્ટર ફાયર થવું, સપ્લાયર સર્કીટના છેડા ડેમેજ થવા, ફોગ લાગવાથી એ.સી.બંધ થાય ત્યારે એ.સી.ને રી-સેટ કરવા વગેરે) ની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ.

૭) કાર્યક્રમોની શરૂઆત થી અંત સુધી ઈલેક્ટ્રિક સેવાઓ આપતા સેવકોએ હાજર રહેવું ફરજીયાત રહેશે.

૮) કાર્યક્રમો દરમ્યાન પ્રેક્ષક ગેલેરીમાં આવેલ ખુરશીઓના લોક નીકળી જાય ત્યારે પાછા ફીટીંગ કરવા, સંકુલમાં આવેલ દરવાજાઓના સ્ટોપર, તથા અન્ય હળવા કામ કે જે ઈલેક્ટ્રિક કામ સિવાયના હોય તેવા કામ કાર્યક્રમો ન હોય તેવા સમયે ફરજ પરના અધિકારી સૂચવે તે મુજબ કરવાના રહેશે.

૯) જાહેર હોલ પ્રકારની મિલકતોમાં સેવા આપ્યાનો ત્રણ વર્ષના અનુભવનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૧૦) ઈલેક્ટ્રિક સેવાઓ આપનાર સેવકોએ ઓડીટોરીયમ સંકુલ ખાતે સવારે ૧૦.૦૦ થી ૦૬.૦૦ હાજર રહેવાનું રહેશે તથા કાર્યક્રમો દરમ્યાન હાજર રહેવાનું રહેશે તથા ફરજ પરના અધિકારી સૂચવે તે મુજબ આવવા-જવાનું રહેશે.

૧૧) ઈલેક્ટ્રિક સેવાઓ આપનાર સેવકની સાથેના હેલ્પર ઈલેક્ટ્રિક બાબતોને લગત જાણકારી ધરાવતા હોવા જોઈએ તથા ઈલેક્ટ્રીશયન/મિકેનિકની સુચના મુજબ તેમજ ફરજ પરના અધિકારી સૂચવે તે મુજબ હેલ્પરે કાર્ય કરવાનું રહેશે.

ઉપર મુજબની તમામ શરતો અમોએ પુરેપુરી વાંચી અને સમજી છે, અને તે મુજબ શરતોનું પાલન કરવાની બાહેંધરી આપું છું. જે બદલ નીચે સહી કરી આપેલ છે. કોઈપણ જાતના શરતભંગ બદલ કોન્ટ્રાક્ટ જે-તે સમયે પૂર્ણ થયેલ ગણાશે. જે અમોને બંધનકર્તા રહેશે.

સ્થળ:-......................... સહી:-.....................................

તારીખ:-....................... કોન્ટ્રાક્ટરનું નામ:-...................................

# ભાવનગર મહાનગરપાલિકા
## એસ્ટેટ વિભાગ

**કામનું નામ :–** શ્રી ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ સંકુલની ઈલેક્ટ્રિક સેવાઓ તથા ફાયર સીસ્ટમ ઓપરેટીંગ સેવાઓ પૂરી પાડવાના કામનું ટેન્ડર (૩ વર્ષની મુદત)

| ક્રમ | વિગત | કામની પધ્ધતિ | લઘુતમ વેતન દર મુજબ દૈનિક નાણાંકીય જવાબદારી | વિગતમાં દર્શાવેલ કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ઈલેક્ટ્રિક સેવાઓનું કામ. | ઈલેક્ટ્રિશ્યન તરીકેની કામગીરી. | પ્રતિમાસના દિવસ લેખે લાગુ પડતા લઘુતમ વેતન દર + ઈ.પી.એફ. (એમ્પ્લોયર શેર) + ઈ.એસ.આઈ ( લાગુ પડતું હોય તો ) + જી.એસ.ટી. + અન્ય લાગુ પડતા ચુકવણા ભરવાના રહેશે.<br>એજન્સી દ્વારા ઉપરોકત ચુકવણા કર્યાનાં આધારો રજુ થયેથી મહાનગરપાલિકા દ્વારા તે મુજબનું પુરેપુરૂ ચુકવણું કરવામાં આવશે. | એકંદર ભાવ<br>રૂ....................પ્રતિ સેવક પ્રતિ આઠ કલાક |

| ક્રમ | વિગત | કામની પધ્ધતિ | લઘુતમ વેતન દર મુજબ દૈનિક નાણાંકીય જવાબદારી | વિગતમાં દર્શાવેલ કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨ | ઈલેક્ટ્રિશ્યનના હેલ્પરની સેવાઓનું કામ. | ઈલેક્ટ્રિશ્યનના હેલ્પર તરીકેની કામગીરી. | પ્રતિમાસના દિવસ લેખે લાગુ પડતા લઘુતમ વેતન દર + ઈ.પી.એફ. (એમ્પ્લોયર શેર) + ઈ.એસ.આઈ ( લાગુ પડતું હોય તો ) + જી.એસ.ટી. + અન્ય લાગુ પડતા ચુકવણા ભરવાના રહેશે.<br>એજન્સી દ્વારા ઉપરોકત ચુકવણા કર્યાનાં આધારો રજુ થયેથી મહાનગરપાલિકા દ્વારા તે મુજબનું પુરેપુરૂ ચુકવણું કરવામાં આવશે. | એકંદર ભાવ<br>રૂ....................પ્રતિ સેવક પ્રતિ આઠ કલાક |

| ક્રમ | વિગત | કામની પધ્ધતિ | લઘુતમ વેતન દર મુજબ દૈનિક નાણાંકીય જવાબદારી | વિગતમાં દર્શાવેલ કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | સાઉન્ડ ઓપરેટીંગ સેવાઓનું કામ. | સાઉન્ડ ઓપરેટર તરીકેની કામગીરી. | પ્રતિમાસના દિવસ લેખે લાગુ પડતા લઘુતમ વેતન દર + ઈ.પી.એફ. (એમ્પ્લોયર શેર) + ઈ.એસ.આઈ ( લાગુ પડતું હોય તો ) + જી.એસ.ટી. + અન્ય લાગુ પડતા ચુકવણા ભરવાના રહેશે.<br>એજન્સી દ્વારા ઉપરોક્ત ચુકવણા કર્યાનાં આધારો રજુ થયેથી મહાનગરપાલિકા દ્વારા તે મુજબનું પુરેપુરૂ ચુકવણું કરવામાં આવશે. | એકંદર ભાવ<br>રૂ.....................પ્રતિ સેવક પ્રતિ આઠ કલાક |

| ક્રમ | વિગત | કામની પધ્ધતિ | લઘુતમ વેતન દર મુજબ દૈનિક નાણાંકીય જવાબદારી | વિગતમાં દર્શાવેલ કામગીરી માટે ભાવપત્રક |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪ | સાઉન્ડ ઓપરેટીંગ હેલ્પર સેવાઓનું કામ. | સાઉન્ડ ઓપરેટરના હેલ્પર તરીકેની કામગીરી. | પ્રતિમાસના દિવસ લેખે લાગુ પડતા લઘુતમ વેતન દર + ઈ.પી.એફ. (એમ્પ્લોયર શેર) + ઈ.એસ.આઈ ( લાગુ પડતું હોય તો ) + જી.એસ.ટી. + અન્ય લાગુ પડતા ચુકવણા ભરવાના રહેશે.<br>એજન્સી દ્વારા ઉપરોક્ત ચુકવણા કર્યાનાં આધારો રજુ થયેથી મહાનગરપાલિકા દ્વારા તે મુજબનું પુરેપુરૂ ચુકવણું કરવામાં આવશે. | એકંદર ભાવ<br>રૂ.....................પ્રતિ સેવક પ્રતિ આઠ કલાક |

- ટેન્ડરમાં મંગાવવામાં આવેલ ભાવો લઘુત્તમ વેતન દર મુજબ મંગાવવામાં આવેલ હોય. પ્રવર્તમાન ભાવોમાં ટેન્ડરના સમયગાળા (૦૩ વર્ષ) દરમ્યાન વખતોવખત જો કોઈ વધારો/ઘટાડો થશે તો તે મુજબ સાપેક્ષ વધારા/ઘટાડા મુજબનું ચૂકવાણું કરવામાં આવશે.

**નોંધ:- ભાવો ઓનલાઈન જ ભરવાના રહેશે. ઓફ્લાઈન ભરેલા ભાવો માન્ય ગણવામાં આવશે નહિ. તથા ઓફ્લાઈન ભાવો ભરનાર એજન્સીને ડીસકવોલીફાય કરવામાં આવશે.**

# ભાવનગર મહાનગરપાલિકા

એસ્ટેટ વિભાગ

<u>*એજન્સી/ટેન્ડરરના આ પ્રકારના કામના અનુભવનું વિગત ફોર્મ :-</u>

| ક્રમ | સંસ્થા/કંપનીનું નામ,સરનામું, ટેલીફોન/મોબાઇલ નંબર | કરારનો સમય ક્યાથી ક્યા સુધી | વાર્ષિક કરારની રકમ | કચેરીનો વિસ્તાર | પુરી પાડેલ સેવાઓની વિગત/સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**સ્થળ:-..........................** **સહી:-.....................................**

**તારીખ:-.......................** **કોન્ટ્રાક્ટરનું નામ:-...................................**

અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ ભર્યાની રસીદની વિગત :-
એફ.ડી.આર.નંબર.......................................................
તારીખ:-......................................
બેન્કની વિગત........................................................

કરારનામાની ઉલ્લેખીત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મે/અમે વાંચી છે અને હું/અમે બરાબર સમજ્યા છીએ ઉપર ભાવપત્રકમાં નિર્દિષ્ટ પ્રવર્તિ-કામગીરી વિગતો અને કાયમી પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઇપણ વાંધો વિરોધ કે તકરાર સિવાય સંપુર્ણ પણે સ્વિકાર કરૂ છું/કરીએ છીએ અને આ ભાવ પત્રક ભર્યુ છે.

ટેન્ડર ભરનારની સહિ...................

સ્થળ:- સીક્કો

તારીખ:-

ટેન્ડર ભરનારનુ નામ:-

# BHAVNAGAR MUNICIPAL CORPORATION

## Notice Inviting On -Line Tender

## Tender Notice No.- BMC/ESTATE/05/2024

| | |
|---|---|
| **Department Name** | **Estate Department** |
| **IFB No./Tender Notice No** | **BMC/ESTATE/05/2024** |
| **Name of Project** | **Work of providing Sound Operating And Electric Services of Shree Zawerchand Meghani Auditorium and Art Gallery Sardarnagar primises.** |
| **Name of Work** | **Work of providing Sound Operating And Electric Services of Shree Zawerchand Meghani Auditorium and Art Gallery Sardarnagar primises.** |
| **Estimated Contract Value (INR)** | **2304000/-** |
| **Class of Registration required** | **N.A.** |
| **Period of Completion** | **3 (year)** |
| **Bid Call (Nos)** | **1** |
| **Tender Currency Type** | **Single** |
| **Tender Currency Settings** | **Indian Rupee (INR)** |
| **Joint Venture** | **N.A.** |
| **Rebate** | **N.A.** |
| **Amount Details** | |
| **Bid Document Fee** | **Rs.900/-** |
| **Bid Document Fee Payable To** | **Bhavnagar Municipal Corporation,** |
| **Bid Security / EMD (INR)** | **Rs.23000/-** |
| **Bid Security / EMD in favour of** | **Bhavnagar Municipal Corporation,** |
| **Tender Dates** | |
| **Bid Document Downloading Start Date** | **05-12-2024** |
| **Bid Document Downloading End Date** | **19-12-2024, 18.00hr** |
| **Bid Validity Period** | **180 Days** |
| **Physical submission of tender fee, EMD, Registration and other documents by RPAD/Speed Post:** | **Upto 24-12-2024 upto 17:00 hours** |
| **Bid Opening Date** | **26-12-2024 upto 17:00 hours (approx)** |
| **Remarks** | **Demand Draft Tender fee & EMD shall be submitted in Electronic Format through online scanning alongwith all the supporting documents. while uploading the bid. Offer of those shall be opened whose EMD & Tender Fee is received electronically alongwith the bids. However for the purpose of realization of Cheque/Demand Draft, bidder shall send them in original through RPAD/Speed Post/Reg. A.D. so as they reach to the office of Estate Officer -Estate Dept., Bhavnagar Municipal Corporation, Bhavnagar during office hours between Dt.05/12/2024 to Dt.19/12/2024 Penaltative action shall be initiated for not submitting the supporting documents in original to E.E. by bidder. Physical submission of tender fee, EMD, Registration and other documents by RPAD/Speed Post:- Upto Dt.24/12/2024, 18:00 hours. All the successfull bids, if possible, will be opened on Dt.26/12/2024 at the Dy Municipal commissioner Office, Bhavnagar Municipal Corporation.** |
| **Other Details** | |
| **Officer Inviting Bids** | **Estate officer (Estate Department),<br>Bhavnagar Municipal Corporation, Bhavnagar.** |
| **Bid Opening Authority Members in committee** | **(1) Dy.Municipal commissioner.(A) (2) Estate Officer (3) Chief Accountant (4) Chief Auditor** |
| **Address** | **Estate Officer, Estate Department, Bhavnagar Municipal Corporation, Opp.Galaxy Cinema, Bhavnagar.<br>(E-mail id:-estatebmc@gmail.com)** |

**E-tendering related instructions**

(1) Bidders can download the tendar document free of cost from the website.www.nprocure.com
(2) Bidders have to submit Price bid in Electronic for only on www.nprocure.com website till the Last Date &
time for submission.
(3) Offers in physical form will not be accepted in any case.
(4) Free vendor training camp will be organized every Saturday between 4.00 to 5.00 p.m. at (n)code solutions– A Division of GNFC Ltd.,Biders are requeste take benefit of the same.
All bids should be digitally signed,for details regarding digital signature certificate related training
involved,kindly,contact the below mentioned address.
(n) Code Solutions A Division of GNFC Ltd.
403,GNFC Infotower,Bodakdev,
Ahemedabad - 380 054 (India)
Tel. +91 79 26854511/12/13 (EXT :501,512,516,525) +91 79 26857316/17/18 (EXT :501,512,516,525)
Fax.+91 79 26857321,40007533
E-mail :nprocure @gnvfc.net
Web-site :www.nprocure.com
Toll Free :1800-233-1010(EXT :501,512,516,525)